
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરના વાતાવરણમાં અચાનક નાટ્યાત્મક પલ્ટો

ગાંધીનગર, તા. ૭

શહેરના વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ આકાશમાં ઘેરાતા વાદળો વચ્ચે ઠંડીમાં ખાસ્સો ઘટાડો નોંધાયો હતો. બે દિવસમાં જ લઘુત્તમ તાપમાનનો પારો ચાર ડિગ્રી જેટલો ઉંચકાયો છે.

ગાંધીનગર અને ગુજરાતમાં પડતી ઠંડી આયાતી હોય છે. પવનની દિશા બદલાય તેમ ઠંડીમાં વધઘટ થતી રહે છે. ગુજરાતના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં દરિયો આવેલો હોવાથી મહદઅંશે અહી હુંફાળુ વાતાવરણ રહે છે. પરંતુ શિયાળા દરમ્યાન દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં હીમવર્ષા થાય પછી વાતાવરણમાં પલ્ટો આવે છે. તેમાંય જો પવનની દિશા ઉત્તર-પૂર્વિય દિશાની હોય તો ઠંડી વધે છે. ઉત્તર ભરતના વિસ્તારો તરફથી ફૂંકાતા ઠંડા પવનો અહીં એકાએક પારો ગગડાવી દે છે. ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં કડકડટી ઠંડી પડી હતી. લઘુત્તમ તાપમાન છેક ૧૦-૧૧ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. આકરી ઠંડીની અસર શહેરીજનો પર જોવા મળી હતી. જનજીવન જાણે અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. વાતાવરણમાં આવેલો આ પલ્ટો થોડાક દિવસ સુધી નગરજનોને ઠંડીમાં થથરાવી ગયો હતો. ગઈકાલથી પુનઃ પવનની દિશા બદલાતા ઠંડી ઘટી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી રહ્યુ હતુ જ્યારે આજે તે વધુ ૧ ડિગ્રી જેટલુ ઉંચકાઈને ૧૫ ડિગ્રી રહ્યુ છે. જ્યારે મહત્તમ તાપમાન ૨૯.૨ ડિ.સે. રહેતા વસાહતીઓને ઠંડા પવનોથી મુક્તિ મળી હતી.



## ‘ખ’ રોડ પર સાયકલ શેરીંગ યોજનાના બુથ મુકવા માંગ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ગુડા દ્વારા સાયકલ શેરીંગ પ્રોજેકટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત શહેરની જનતા સાયકલિંગનો લાભ મેળવી શકે છે. સાયકલ શેરીંગ પ્રોજેકટ અંતર્ગત શહેરના અનેક સ્થળે સાયકલ બુથ ઉભા કરવામાં આવ્યા છે. જો કે આ તમામ બુથની સુવિધામાં ‘ગ’ રોડ અને ‘ખ’ રોડને અન્યાય થયેલો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ ગુડા દ્વારા શહેરના અનેક સ્થળોએ સાયકલ બુથ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ‘ગ’ રોડ પર એક માત્ર સંગીત સર્કલ પાસે સાયકલ બુથ છે જયારે ‘ખ’ રોડ પર એક પણ સાયકલ બુથ જોવા મળતું નથી જેના કારણે આ માર્ગ તરફના નાગરિકો ખાસ કરીને યુવાનોને સાયકલ શેરીંગ પ્રોજેકટનો લાભ મળી શકતો નથી અથવા તે માટે દૂર સુધી પહેલા ચાલીને જવું પડી રહ્યું છે. સાયકલ શેરીંગ પ્રોજેકટ શહેર તથા રાજયમાં પણ પ્રસંશા પામ્યો હતો ‘ખ’ રોડ પરના રહીશો દ્વારા આ માર્ગ પર પણ સાયકલ શેરીંગ બુથ મુકવામાં આવે તેવું ઈચ્છી રહ્યા છે. આ વાતને ધ્યાનમાં લઈને વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા ગુડાના ચેરમેનને લેખિતમાં રજુઆત કરી આ વિસ્તારના નાગિરકો વતી ખ રોડ પર સે-૪ થી સરગાસણ ચાર રસ્તા સુધીમાં સાયકલ બુથ મુકવા માંગ કરી છે.

## ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની બેઠકમાં સરકાર અને મનપાનો આભાર માનવામાં આવ્યો

ગાંધીનગર, તા.૭

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કારોબારીએ સમિતિમાં સામાન્ય કામકાજની ચર્ચા કર્યા બાદ છેલ્લા તેર વર્ષથી મજુરી માટે બહારગામથી આવતા મજુરો માટે ગાંધીનગરમાં નાઈટ શેલ્ટર (રાત્રી આશરા) બાંધવા માટે સરકારમાં મનપા ગાંધીનગર અને ગુજરાત રાજય માનવ અધિકાર પંચમાં સતત રજુઆત કર્યા બાદ સરકાર અને મનપા ગાંધીનગર કુડાસણ ખાતે શેલ્ટર હોમ બાંધવાનો નિર્ણય કરી માન. કેન્દ્રીય મંત્રી તેમજ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ખાતમુર્હત કરવામાં આવ્યું તે બદલ એસોસિએશન ગુજરાત સરકાર અને મનપા ગાંધીનગરનો અભિનંદન સહ આભાર વ્યકત કરે છે. અને આશા રાખે છે કે શેલ્ટરનું બાંધકામ નામ. સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શન આદેશ મુજબ કરવામાં આવશે. શેલ્ટરના મેનેજમેન્ટ માટે જરુરી વ્યવસ્થા કરવી જેથી શેલ્ટરો ઘેટો અને સ્લમ બની જાય નહીં. વ્યવસ્થા સમિતિમાં અમારા પ્રતિનિધિને નિમવામાં આવશે તો એ સ્વિકારીશું તેમ સંસ્થાના પ્રમુખ વી.પી. પરમાર દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરના પગલે કલોલ મ્યુનિસિપાલીટીએ પણ આશરા વિહોણા માટે નાઈટ શેલ્ટર બાંધવા માટે નિર્ણય કર્યો છે. તે બદલ કલોલ મ્યુનિસિપાલીટીને અભિનંદન આપવાનું ઠરાવી રાજયની અન્ય મ્યુ. કોર્પોરેશન અને મ્યુનીસીપાલીટીના આ માનવ અધિકારની દિશામાં આગળ વધશે એવી આશા વ્યકત કરી હતી. સમિતિના કામકાજનું સંચાલન મહામંત્રી વિરંચદભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# રેલગાડીના એન્જીનમાંથી ગ્રાહકોને વડાપાઉં-દાબેલી પીરસાય છે

### સે-૭માં રેલગાડીના એન્જીન થીમ પર ટેસ્ટી દાબેલી અને વડાપાઉં સ્વાદ રસિયાઓ માટે અનોખું આકર્ષણ




ગાંધીનગર, તા.૭

શહેરમાં ઘણી જગ્યાએ ફાસ્ટફૂડ વેચાઈ રહ્યા છે. કયાંય કોઈ લારી ગલ્લા પર કે કોઈ દુકાનમાં અને સાદા ઢબમાં એક સાઈન બોર્ડ જોઈને ગ્રાહકો તેમને મનગમતી વાનગી આરોગવા તરફ દોરાય છે. પરંતુ હાલના સમયમાં ગ્રાહકોને પણ કાઈ નવું કાંઈક ઈનોવેટીવ જોઈએ છે એ ટેસ્ટ પણ હોઈ શકે અને એ જગ્યા પણ હોઈ શકે. જે જગ્યાએ તેઓ આરોગવાનું નક્કી કરી રહ્યા હોય. શહેરમાં ઘણી નવી હોટલ ઘણા રેસ્ટોરન્ટ કે ઘણી લારી બની છે જયાં વિવિધ વાનગીઓનું વેચાણ થાય છે પરંતુ સે-૭ની માર્કેટ ખાતે એક વડાપાઉં-દાબેલીનું વેચાણ એક રેલગાડીના એન્જીનથી થીમ ઉપર થઈ રહ્યું છે જે ગ્રાહકો માટે આકર્ષણું કેન્દ્ર બન્યું છે.

શહેરમાં ડ્રાઈવીંગનું કામ કરતા પ્રભાકર કામલે જેમને એક દિવસ પોતાના મોટાભાઈની સાલહથી આ કામ મુકીને દાબેલી-વડાપાઉંનું વેચાણ કરવાનો વેપાર શરૂ કર્યો. જે છેલ્લા ૨૨ વર્ષથી આ જ વેપાર સાથે જોડાયેલા છે. આ બ્લેક ટ્રેન થીમ વિશે વાત કરતા પ્રભાકર કામલેએ જણાવ્યું હતું કે આમ તો સામાન્ય એક લારી પર દાબેલી-વડાપાઉંનું વેચાણ કરતા ત્યારે ઘરાકી થતી જ હતી પરંતુ કાંઈક નવું કરવાના વિચારથી અને તેમના પંદરેક વર્ષના પુત્રના ન્યુ આઈડિયા સાથે તેમણે વાહન છોટા હાથીને રેલગાડીના એન્જીનની ઢબે ઈનોવેટ કરીને દાબેલી-વડાપાઉંનું વેચાણ સે-૭ માર્કેટ ખાતે શરુ કર્યું છે. આમ તો છેલ્લા ૨૨ વર્ષથી તેઓ આ વેપાર સાથે જોડાયેલ છે પરંતુ આ ઈનોવેશન કર્યાને હજુ ૧૧ મહિના જ થયા છે.

વચ્ચે એક સમય દરમિયાન માર્કેટ ડીમ થયું ત્યારે ઘરાકી ઓછી થઈ હતી પણ આ બ્લેક ટ્રેનના ઈનોવેશન બાદ ઘરાકી પાછી ફરી છે. તેમણે વાનની વિશે વધુમાં જણાવ્યું હતું કે, હું ગાંધીનગરમાં કદાચ દરેકથી અલગ મસાલો બનાવીને વેચાણ કરુ છુ અને દરેક સામગ્રી નેચરલ કલર વિના વેચાય છે. ગ્રાહક સામે ચાલીને જ આવે છે. ચટાકેદાર દાબેલી અને વડાપાઉંના સ્વાદ રસિયાઓ પણ અહીંની ચોખ્ખાઈ અને ટેસ્ટને વખાણી રહ્યા હતાં.

## રેતી ભરેલ ટ્રેકટરની હેરફેર માટે ૧૬ હજારની લાંચ લેતા બે ઝડપાયાં

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના ચિલોડા પાસે ધણપ ગામની સીમમાં ખાણ ખનીજ વિભાગની ચેકપોસ્ટ પર આજે બે કર્મચારીઓ રૂ. ૧૬ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ જવા પામ્યા છે. ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરો એસીબી પીઆઈ એચ.બી. ચાવડા તથા પીએસઆઈ એસ.બી. કુંપાવત સહિત ટીમ દ્વારા છટકું ગોઠવીને ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો છે.

ગાંધીનગર એસીબીને ખાનગી બાતમીદાર દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી કે જિલ્લામાં ખાણ ખનીજ વિભાગની ચિલોડા ચેક પોસ્ટ ધણપની સીમ પર વિવિધ ખનીજ ભરીને પસાર થતા ટ્રેકટર ચાલકો પાસેથી જુદા જુદા બહાના હેઠળ ચેકપોસ્ટ પર ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા લાંચની માંગણી કરવામાં આવે છે. આ માહિતીના આધારે આજે લાંચ ડિકોય છટકાનું આયોજન કરવામાં આવતા ધણપ સીમની ચિલોડા ચેકપોસ્ટ પરના નાકા કલાર્ક ડ્રીલર પ્રહલાદભાઈ કાનજીભાઈ ચૌધરી (વર્ગ-૩) તથા કોન્ટ્રાકટ આધારિત કર્મચારી રોહિત માલજીભાઈ દેસાઈ રેતી ભરેલ ટ્રેકટર ચિલોડા વિસ્તારમાં ફેરવવા તથા ખોટી રીતે હેરાન નહી કરવામાં આવે તે માટે રૂ. ૧૬ હજારની લાંચની માંગણી કરી નાણાં સ્વીકારતા ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓએ ઝડપાઈ જતાં ગુનો કબુલી લેતા તેમના પર ફરિયાદ નોંધી એસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**@ગાંધીનગર**

● ગોસ્વામી સજંય ભારતીની વ્યાસપીઠે કોલવડા સ્થિત નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન શિવકથા યોજાશે.

● લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન યોગ તાલીમ શિબિર યોજાશે.



મકરસંકાંતિ નજીક આવી રહી છે અને શહેરમાં કુતરા માટે લાડુ બની રહ્યા છે ત્યારે સે-૭-બી નવરાત્રી ચોકની બહેનો દ્વારા આશરે ૫૦ કિલો લાડુ બનાવી કુતરાઓને ખવડાવવામાં આવ્યા હતા.

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૭

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વડી કચેરી ગાંધીનગર ખાતે પી.ઓ. ધ્રુવાના અધ્યક્ષસ્થાને મળેલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦ માટે વડી કચેરી ગાંધીનગર ખાતે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

જેમાં પ્રમુખ તરીકે વિજયસિંહ કે. વાઘેલા, મહામંત્રી દોલતસિંહ આર. ચુડાસમા, ઉપપ્રમુખ તરીકે કમલેશ કે. લકુમ તથા ફાલગુનીબેન જાદવ, સહમંત્રી તરીકે રાજુભાઈ આર. ઠકકર અને કચૂભાઈ આર. પટેલ, સંગઠન મંત્રી તરીકે પ્રજ્ઞાબેન પરમાર, ખજાનચી તરીકે જીતેન્દ્ર જી. કલાલ, ઓડીટર તરીકે આર.ડી. પાટીલ તથા સલાહકાર તરીકે પી.ઓ. ધ્રુવા અને આર.ડી. કોઠારીની નિમણુંક કરવામાં આવી છે તેમ સંસ્થાના પ્રમુખ વિજયસિંહ કે. વાઘેલા દ્વારા જણાવાયું છે.



શિયાળો એટલે આખા વર્ષનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાની ઋતુ. એટલે જ આ સિઝનમાં વસાણું ખાવાથી લઈને જોગિંગ અને વોકીંગ એકસરસાઈઝ પણ આજ સિઝનમાં મહત્તમ કરવામાં આવે છે. સેકટર-૨૨ના બગીચામાં આજકાલ વહેલી સવારે મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. મહિલાઓ માટે અહીં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓએ વિવિધ યોગાસનો શીખી સ્વાસ્થ્ય પ્રત્યે દરકાર લીધી હતી.

## એલ.આઈ.સી.ના કર્મચારીઓની આજે હડતાલ



ગાંધીનગર, તા.૭

એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા ગાંધીનગર મંડળના વર્ગ ૩/૪ના ૫૫૦થી વધુ કર્મચારીઓ દ્વારા ભારત સરકારની કર્મચારી વિરોધી નીતિઓ સંદર્ભે તા. ૮ જાન્યુઆરીના રોજ એક દિવસની હડતાલ પડશે. એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયાના સામાન્ય મંત્રી દિશાંત બી. પટેલના જણાવ્યા અનુસાર એલ.આઈ.સી. ગાંધીનગર શાખાના વર્ગ ૩/૪ના ૫૫૦થી વધુ કર્મચારીઓ ભારત સરકારની કર્મચારી વિરોધી નીતિઓ, જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ કરો, શ્રમ કાયદો બચાવો, એલઆઈસીને શેર બજારમાં સુચિબધ્ધ કરવાના સરકારના ઈરાદા સામે પ્રતિકાર માટે, આયકર કાનૂનમાં વીમા પ્રીમિયમ માટે છૂટછાટ આપતી અલગ ધારા બનાવવાની માંગણી માટે, વીમા પ્રીમિયમ પરથી જીએસટી હટાવવા માટે, કોન્ટ્રાકટ/કરાર આધારિત નિયુકત કર્મચારીઓને કાયમી કરવા માટે, વર્ગ-૪માં ભરતી માટે, જાહેર ક્ષેત્રોમાં ખાનગીકરણ અને વિવિધ માંગણીઓના સંદર્ભમાં તા. ૮ જાન્યુઆરીના રોજ એક દિવસીય હડતાલ પાડશે. સેકટર-૧૧માં એલઆઈસી ખાતે આ સંદર્ભે આજે રિશેષ દરમિયાન પણ દેખાવો યોજવામાં આવી રહ્યા હતા.

## કરૂણા અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં ચાર કંટ્રોલ રૂમ

### ઘાયલ થયેલા પશુ- પક્ષીઓની જાણ કરૂણા અભિયાન હેલ્પલાઈન નંબર- ૧૯૬૨ કરો

ગાંધીનગર, તા.૭

ઉત્તરાયણએ આનંદ અને ઉત્સાહનો પર્વ છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તેવા આશયથી સમગ્ર રાજયમાં કરૂણા અભિયાનનો આરંભ કરવામાં આવે છે. આ અભિયાનને વધુ સાર્થક બનાવવાના ઉમદા આશયથી આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ઉત્તરાયણ દરમ્યાન કેટલાય લોકો ધાબા પરથી પડી જવાના બનાવ બનતાં હોય છે. તેમજ કેટલાય અબોલા પક્ષી–પશુઓ અને ટુ–વ્હીલર ચાલકો દોરીથી ઘાયલ થતાં હોય છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરૂણા અભિયાન અતર્ગત ઉત્તરાયણ- ૨૦૨૦ના પર્વમાં આવી કોઈ ઘટનાનો ભોગ બનનાર વ્યકિત અને પશુ-પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી રહે તેવા ઉમદા આશયથી સમગ્ર જિલ્લામાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. પશુ-પક્ષીઓ ઘાયલ થાય તો કરૂણા અભિયાન એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર – ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. તે ઉપરાંત ગાંધીનગર ખાતે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર ખાતેના કંટ્રોલ રૂમનો નંબર ૦૭૯- ૨૩૨ ૨૧૨૬૦ તથા ૦૭૯ ૨૩૨ ૩૯૮૭૨ ઈન્ચાર્જ અધિકારી શ્રી કે.જે.ગોસ્વામી મોબાઈલ નંબર- ૭૫૭૨૯૯૧૨૮૬ છે. વન ચેતના ખાતે શરૂ થનાર કંટ્રોલ રૂમનો નંબર – ૦૭૯- ૨૩૨ ૬૦૬૩૨ છે. આ કંટ્રોલ રૂમના ઈન્ચાર્જ અધિકારી તરીકે શ્રી બી.એન.દેસાલ મોબાઈલ નંબર ૯૭૨૬૯ ૫૦૭૫૮ છે. પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, ચ-૦ સર્કલ ખાતેના કંટ્રોલ રૂમનો નંબર- ૦૭૯ ૨૩૨ ૪૬૯૨૨ છે. જેના ઈન્ચાર્જ અધિકારી બી.એમ.પટેલ મોબાઈલ નંબર- ૬૩૫૩૫ ૯૮૦૮૫ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસ, બોરીજના કંટ્રોલ રૂમનો નંબર – ૦૭૯ ૨૩૨ ૬૦૬૩૨ છે. જેના ઈન્ચાર્જ અધિકારી તરીકે બી.એન.દેસાઈ મોબાઈલ નંબર- ૯૭૨૬૯ ૫૦૭૫૮ છે તેની સાથે તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. જેમાં દહેગામ તાલુકા માટેના કંટ્રોલ રૂમનો નંબર -– ૦૨૭૧૬- ૨૩૩૦૭૪, કલોલ તાલુકા માટેના કંટ્રોલ રૂમનો નંબર- ૦૨૭૬૪ ૨૨૨૧૫૨, માણસા તાલુકા માટેના કંટ્રોલ રૂમનો નંબર ૦૨૭૬૩ ૨૭૦૯૩૪ છે. દહેગામ તાલુકા ઈન્ચાર્જ અધિકારી શ્રી વી.બી.વાઘેલાનો મોબાઈલ નંબર – ૯૮૨૫૭ ૨૦૯૯૯, કલોલ તાલુકાના ઈન્ચાર્જ અધિકારી પી.આર. રાઠોડનો મોબાઈલ નંબર- ૯૬૦૧૪ ૯૩૯૩૫ તથા માણસા તાલુકાના ઈન્ચાર્જ અધિકારી બી.એન.દેસાઈ નો મોબાઈલ નંબર – ૯૭૨૬૯ ૫૦૭૫૮ છે.

આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, નાયબ જિલ્લા વનસંરક્ષક ડામોર સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
સબ કુશલ મંગલ
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫
ગુડ ન્યુઝ
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫
દબંગ-૩
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦
જુમાનજી ધ નેકસ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫
મર્દાની-૨ - ૮.૧૫
પતિ પત્નિ ઔર વો
૨.૫૦
હેલ્લારો - ૧૨.૧૦
જી (ગુજરાતી)
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
સબ કુશલ મંગલ
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫
ભંગરા પાલે
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
જી (ગુજરાતી)
૪.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૨.૦૫, ૭.૨૦
ગુડ ન્યુઝ
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫
દબંગ-૩
૧.૧૫, ૧૦.૧૦
જુમાનજી-૨ - ૪.૪૦
મર્દાની - ૨ - ૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
ગુડ ન્યુઝ
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
ભંગરા પાલે
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦
સબ કુશલ મંગલ
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
જી (ગુજરાતી)
૭.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**
ગુડ ન્યુઝ
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
શિમલા મિર્ચ
૧૧.૪૫, ૪.૪૫, ૯.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૧.૦૦
દબંગ-૩ - ૪.૦૦, ૯.૩૦
મર્દાની-૨ - ૧.૪૫, ૭.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧.૦૦, ૬.૪૫
સબ કુશલ મંગલ
૩.૪૫, ૯.૪૫

## નીમા ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક સ્વ-સ્વાસ્થ્ય મેનેજમેન્ટ પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા.૭

નીમા ફાઉન્ડેશન દ્વારા ક્રિયા ધ્યાન અને હેલ્થ મેનેજમેન્ટ માટે સ્વ સ્વાસ્થ્ય જાળવવાનો અને મેળવવાનો નિઃશુલ્ક પ્રોગ્રામ યોજાશે. જે દર મંગળવારે બપોરે ૪ થી ૫.૩૦ જયભગવાન એકયુપ્રેશર સેન્ટર પ્લોટ નં. ૧૩૦૧/૧, સે-૭-ડી ખાતે દરેક વ્યકિત માટે યોજાશે. તથા ફકત બહેનો માટે દર શુક્રવારે બપોરે ૪ થી ૫.૩૦ દરમિયાન ગાયત્રી મંદિર હોલ, સે-૧ ખાતે યોજાનાર છે. જેના હોલીસ્ટીક હીલર સંસ્થાના ચેરમેન નટુભાઈ પટેલ છે. સંસ્થા દ્વારા સર્વે નાગરિકોને સ્વ હેલ્થ મેનેજમેન્ટ વિષયક નિઃશુલ્ક પ્રોગ્રામમાં ભાગ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ શાંતાબેન શંકરભાઈ, ઉ.વ. ૭૪
● સ્વ. શાહ રમણીકલાલ ત્રિભોવનદાસ, ઉ.વ. ૭૯
● સ્વ. ચૌધરી જોઈતાભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૬૫
● સ્વ. મહંતશ્રી ભગવતદાસ ગુરૂશ્રી રામમનોહર, ઉ.વ. ૮૦
● સ્વ. સુથાર નિલેશકુમાર જયેશભાઈ, ઉ.વ. ૨૧